જળબંબાકાર: કેરળમાં ભારે વરસાદને લીધે અનેક બંધના દરવાજા ખોલવાથી ચોમેર પાણી ફરી વળ્યા છે. અલુવા જિલ્લાની આ તસવીર ભયાનક પરિસ્થિતિનો ચિતાર આપે છે. (પીટીઆઈ ફોટો)

આરુષિ કેસ

તલવાર દંપતીને નિર્દોષ છોડવાને પડકારતી અરજી સુપ્રીમમાં દાખલ

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલત દ્વારા ૨૦૦૮માં આરુષિ અને ઘરનોકર હેમરાજની બેવડી હત્યા કેસમાં ડેન્ટિસ્ટ દંપતી રાજેશ તલવાર અને નૂપુર તલવારને છોડી મૂકવાના નિર્ણયને પડકારતી સીબીઆઇએ કરેલી અપીલની સુનાવણી કરવા સહમતી આપવામાં આવી હતી.

ન્યાયમૂર્તિ રંજન ગોગોઇના વડપણવાળી ખંડપીઠે જણાવ્યું હતું કે હેમરાજની પત્નીની અરજીની સુનાવણી પડતર હોઈને તેની સાથે સીબીઆઇની અપીલની સુનાવણી કરવામાં આવશે. ગયા વર્ષે ૧૨ ઑક્ટોબરે અલાહાબાદ હાઈ કોર્ટે તલવાર દંપતીને છોડી મૂકવાના કરેલા નિર્ણયને પડકારતી અરજી હેમરાજની પત્નીએ કરી હતી. ન્યાયમૂર્તિ નવીન સિંહા અને કે.એમ. જોસેફની બનેલી ખંડપીઠે પણ અપીલની સુનાવણીની પરવાનગી આપી હતી.

સીબીઆઇ વતી વધારાના સોલિસિટર જનરલ મનિન્દર સિંહે હેમરાજની પત્નીની અરજીનો ઉલ્લેખ કર્યા પછી ખંડપીઠે તપાસકર્તા એજન્સીની અરજી તેની સાથે સંલગ્ન કરાશે તેવું જણાવ્યું હતું.

૧૪ વર્ષની આરુષિ તલવાર દંપતીના નોએડા ખાતેના ઘરના રૂમમાં ગળું ચિરાયેલી હાલતમાં મૃતાવસ્થામાં મળી આવી હતી. આ કેસમાં શંકાની સોય ૪૫ વર્ષના હેમરાજ તરફ તાકવામાં આવી હતી. ગુમ થયેલા મનાતા હેમરાજનો મૃતદેહ ઘરના ટેરેસ પરથી હાથ કરવામાં આવ્યો હતો. દેશમાં અખબરોના મથાળે ચમકેલા હત્યા કેસની તપાસ ઉત્તપ પ્રદેશની પોલીસે બરાબર કરી ન હોવાથી તત્કાલીન મુખ્ય પ્રધાન માયાવતીએ કેસની તપાસ સીબીઆઈને સોંપી હતી.

ગાઝિયાબાદની સીબીઆઇ અદાલતે ૨૦૧૩માં ૨૬ નવેમ્બરે તલવાર દંપતીને જનમટીપની સજા કરી હતી. રેકોર્ડ પરના પુરવાના આધારે દંપતીને દોષી ઠરાવી શકાય નહીં એ આધારે તેમને આરોપમાંથી મુક્ત કર્યા હતા. સીબીઆઇએ ૮ માર્ચે અલાહાબાદ હાઈ કોર્ટના ચુકાદાને પડકારતી અરજી સર્વોચ્ચ અદાલતમાં કરી હતી.

ગયા વર્ષે દંપતીના છૂટકારાના ૧૨ ઑક્ટોબરે આપવામાં આવેલા ચુકાદાને પડકારતી અરજી હેમરાજની પત્ની ખુમકલા બન્જોડેએ ગયા વર્ષે ૧૫ ડિસેમ્બરે સર્વોચ્ચ અદાલતમાં કરી હતી. (પીટીઆઈ)■

ટ્રિપલ તલાક ખરડો ફરી રાજ્યસભામાં અટવાયો

ચર્ચા માટે હાથ જ ન ધરાયોઃ ઉપલા ગૃહની બેઠક બેમુદત મોકૂફ

નવી દિલ્હી: ટ્રિપલ તલાકના મુદ્દે વિવિધ રાજકીય પક્ષો વચ્ચે સર્વાનુમતીના અભાવને કારણે ઇન્સ્ટન્ટ ટ્રિપલ તલાકની પ્રથાના રિવાજને ગુનો લેખાવતો વિવાદાસ્પદ ટ્રિપલ તલાક ખરડો શુક્રવારે સંસદના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે ચર્ચા અને મંજૂરી માટે હાથ પર લઈ શકાયો નહોતો. રાજ્યસભાની બેઠક શુક્રવારે અચોક્કસ મુદત માટે મુલતવી કરી દેવાઇ હતી.

કૉંગ્રેસના વડપણ હેઠળના વિપક્ષે (મુસ્લિમ વુમન પ્રોટેક્શન ઑફ રાઈટ્સ ઑફ મૅરેજ) ખરડો ૨૦૧૭ વધુ ચકાસણી માટે સિલેક્ટ કમિટીને મોકલવાની માગણી કરી હતી.

ઉપલા ગૃહમાં બહુમતી ન ધરાવતી ભાજપના વડપણ હેઠળની સરકારે આ ખરડાને સંસદના બજેટ સત્રમાં મંજૂર કરાવવાના પણ પ્રયાસ કર્યા હતા.

ભોજનસત્ર અગાઉ બે વખત સબામોકુફી બાદ શુક્રવારે બપોરે ૨:૩૦ વાગ્યે ફરી રાજ્યસભાની બેઠક મળી હતી ત્યારે રાજ્યસભાના અધ્યક્ષ એમ. વૅંકૈયા નાયડુએ કહ્યું હતું કે જે ખરડાઓને મામલે વ્યાપક સર્વાનુમતી સધાઈ છે તે ખરડાઓને ચર્ચા અને મંજૂરી માટે બાદમાં હાથ પર લેવામાં આવશે.

ટ્રિપલ તલાક ખરડાને મામલે વ્યાપક સહમતી સધાઈ ન હોવાને કારણે શુક્રવારે તે ચર્ચા અને મંજૂરી માટે હાથ પર લેવામાં નહીં આવે એવી સ્પષ્ટતા તેમણે કરી હતી. જામીનની જોગવાઇનો સમાવેશ કરવા સહિતના (મુસ્લિમ વુમન પ્રોટેક્શન ઑફ રાઈટ્સ ઑફ મૅરેજ) ખરડા ૨૦૧૭ના મુસદ્દામાં કરવામાં આવેલા અમુક સુધારાને ગુરુવારે કેન્દ્રના પ્રધાનમંડળે મંજૂરી આપી દીધી હતી. સુપ્રીમ કૉર્ટે ગયા વર્ષની ૨૨ ઑગસ્ટે ટ્રિપલ તલાકની પ્રથાને ગેરબંધારણીય લેખાવી તેને રદ કરવાની જાહેરાત કર્યા બાદ આ સુધારા આવી પડ્યા હતા. લોકસભામાં ડિસેમ્બરમાં આ ખરડાને મંજૂરી આપી દેવામાં આવી હતી. જોકે મુસદ્દામાં કરવામાં આવેલા સુધારાને રાજ્યસભામાં મંજૂરી આપી દેવામાં આવ્યા બાદ તેને મંજૂરી માટે ફરી નીચલા ગૃહમાં મોકલવામાં આવશે. (પીટીઆઇ)■

વડા પ્રધાનની ટિપ્પણી રાજ્યસભાના અધ્યક્ષે રેકૉર્ડમાંથી છેકી નાખી

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ભાષણમાં વાપરેલા અમુક આપત્તીજનક શબ્દોને રાજ્યસભાના ચેરમેન એમ. વૅંકૈયા નાયડુએ રદ કર્યા હતા. રાજ્યસભા સચિવાલયના જણાવ્યા અનુસાર વડા પ્રધાને આ શબ્દો વિરોધપક્ષના રાજ્યસભાના નાયબ ચેરમેન માટેના ઉમેદવાર બી. કે. હરિપ્રસાદ માટે વાપર્યા હતા. વડા પ્રધાને આ શબ્દો રાજ્યસભામાં ગુરુવારે વાપર્યા હતા અને કેટલાક સભ્યોએ આ માટે આપત્તિ દર્શાવ્યા બાદ નાયડુએ આ મામલે ઘટતું કરવાનું વચન આપ્યું હતું. વડા પ્રધાને વાપરેલા શબ્દોની ભાગ્યેજ બાદબાકી થતી હોય છે. હરિપ્રસાદે જણાવ્યું હતું કે વડા પ્રધાને રાજ્યસભાની માન ઘટાડ્યું એ દુઃખદ બાબત ગણાય. ચેરમેને કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેએ વાપરેલા કેટલાક શબ્દોની પણ બાદબાકી કરી હતી. (પીટીઆઇ)■

લોકસભાના સૌથી ઉત્પાદક સત્રનો અંતઃ બેમુદત મોકૂફ

નવી દિલ્હી: સંસદના ચોમાસુ સત્ર દરમિયાન ૧૭ બેઠક યોજાઇ હતી તેમ જ આ સત્ર ૧૧૨ કલાક ચાલ્યું હતું અને એ દરમિયાન એસસી-એસટી અમેન્ડમેન્ટ ઍક્ટ સહિત ૨૧ ખરડાને મંજૂરી આપવામાં આવી હતી. વર્ષ ૨૦૦૦ પછી લોકસભાનું સૌથી ઉત્પાદન સત્ર રહ્યું હતું.૨૦ ખરડા રજૂ કરાયા હતા અને તેમાંથી ૧૨ પસાર થયા હતા. જોકે સમગ્ર સત્ર દરમિયાન ભારે શોરબકોર અને કોલાહલને કારણે સંસદની કાર્યવાહી આઠ કલાક અને ૨૬ મિનિટ માટે ખોરવાઈ હતી. ૧૮ જુલાઈથી શરૂ થયેલા આ સત્ર દરમિયાન મહત્ત્વના મુદ્દાઓ અંગે ચર્ચા કરવા વધારાના ૨૧ કલાક સંસદની કામગીરી ચાલી હતી. સંસદનું ચોમાસુ સત્ર અગાઉના બજેટ સત્ર તેમ જ ગયા વર્ષના ચોમાસુ સત્રની સરખામણીએ વધુ ફળદાયી અને સંતોષજનક રહ્યું હોવાનું સ્પીકર સૂમિત્રા મહાજને કહ્યું હતું. સત્ર દરમિયાન ટીડીપી અને અન્ય વિપક્ષ દ્વારા સરકાર વિરુદ્ધ લાવવામાં આવેલો અવિશ્વાસનો પ્રસ્તાવ જોવા મળ્યો હતો. ૧૭ દિવસના આ સત્ર દરમિયાન પ્રિવેન્શન ઑફ કરપ્શન અમેન્ડમેન્ટ ખરડો, ક્રિમીનલ લૉ અમેન્ડમેન્ટ ખરડો, ફ્યુગિટિવ ઈકોનોમિક ઑફેન્ડર્સ ખરડો, રાઈટ ઑફ ચિલ્ડ્રન ફૉર ફ્રી ઍન્ડ કમ્પલસરી એજ્યુકેશન (સેકન્ડ અમેન્ડમેન્ટ) ખરડો અને ટ્રાફિકિંગ ઑફ પર્સન (પ્રિવેન્શન, પ્રોટેક્શન ઍન્ડ રિહૅબિલિટેશન) ખરડા સહિત ૨૧ ખરડાને મંજૂરી આપવામાં આવી હતી. (પીટીઆઇ)■

વીવીપેટ મશીનોની રૅન્ડમ તપાસ માટે સુપ્રીમમાં કૉંગીની અરજી

નવી દિલ્હી: મધ્ય પ્રદેશની આગામી ચૂંટણી વખતે વીવીપેટ મશીનોની રૅન્ડમ તપાસ કરવા માટે કૉંગ્રેસે સુપ્રીમ કોર્ટમાં કરેલી વિનંતીની આવતા સપ્તાહ દરમિયાન સુનાવણી કરવામાં આવશે.

આ સુનાવણી ચીફ જસ્ટિસ દિપક મિશ્રા અને જસ્ટિસ એ. એમ. ખાનવીલકરની ખંડપીઠમાં કરવામાં આવશે. કૉંગ્રેસ તરફથી કમલનાથે કરેલી અરજીમાં દરેક મતદાર ક્ષેત્રના મતદાન કેન્દ્રના ઇવીએમ મશીન સાથેના વીવીપેટ મશીનોની ૧૦ ટકા સ્લીપની તપાસ કરવાનો આદેશ ચૂંટણીપંચને કરવાની વિનંતી કરવામાં આવી છે. આ સાથે ટેક્ષ્ટ ફોર્મેટમાં મતદાર યાદીની માગણી પણ કરવામાં આવી છે. (પીટીઆઇ)■

૮૯મી જન્મજયંતી
અમારા પ્રેરણાસ્રોત પ.પૂ. પપ્પાજી



સ્વ. ચંદુભાઈ ભગવાનજી પરમાર
આપના વિચાર અમારા આદર્શ છે.
આપની સ્મૃતિ અમારી મૂડી છે.
આપે ચિંધેલા માર્ગનું અનુકરણ અમારૂ લક્ષ્ય છે.

પ્રાર્થનાસભા

સ્વ. કનૈયાલાલ કેશવલાલ ગજજર
જન્મઃ તા. ૯-૧-૧૯૪૬
સ્વ. તા. ૮-૮-૨૦૧૮
ભગવતીબેન કનૈયાલાલ ગજજર
સમસ્ત પરિવારનાં
જય સ્વામિનારાયણ
પ્રાર્થનાસભા
તા. ૧૨-૦૮-૨૦૧૮, રવિવાર બપોરે- ૩ થી ૫
ડી-૨, ૫૦૩, પુનમ એપાર્ટમેન્ટ,
ડો. એનીબેસન્ટ રોડ, વર્લી મુંબઈ - ૪૦૦૦૧૮.
મો. ૯૮૯૨૩૪૯૪૭૧.
સાસરા પક્ષે સ્વ. મગનલાલ પેલાદજી
ગજજર - વડસર તરફથી પ્રાર્થનાસભા
ઉપરોક્ત સ્થળે - સમયે રાખેલ છે.

વિરોધ પ્રદર્શન વખતે કરાતી તોડફોડ ગંભીર સમસ્યા, કાયદો ઘડાશેઃ સુપ્રીમ

નવી દિલ્હી: દેશભરમાં યોજવામાં આવતા વિરોધપ્રદર્શન અને રમખાણો દરમિયાન જુદા જુદા જૂથો દ્વારા જાહેર મિલકતને કરવામાં આવતા નુકસાન અને ભાંગફોડની ઘટનાઓને સુપ્રીમ કોર્ટે શુક્રવારે ગંભીર લેખાવી હતી અને કહ્યું હતું કે આ અંગેના કાયદામાં સુધારો કરવા તે સરકારની રાહ નહીં જોય. સર્વોચ્ચ ન્યાયાધીશ દીપક મિશ્રાના વડપણ હેઠળની ખંડપીઠે કહ્યું હતું કે આ મામલે તે આદેશ આપશે.

ન્યાયાધીશ એ. એમ. ખાનવિલકર અને ડી. વાય. ચંદ્રચૂડનો પણ સમાવેશ કરતી ખંડપીઠને ઍટર્ની જનરલ કે.કે. વેણુગોપાલે કહ્યું હતું કે ભાંગફોડ અને રમખાણના કેસમાં જે તે વિસ્તારના સૂપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ (એસપી) જેવા સત્તાધિકારીઓ માટે જવાબદારીઓ નક્કી કરવામાં આવવી જોઈએ.

દેશના એક કે અન્ય ભાગમાં દર અઠવાડિયે રમખાણ કે હિંસક વિરોધપ્રદર્શનની ઘટનાઓ સતત બનતી જ રહે છે એમ જણાવી તેમણે મહારાષ્ટ્રમાં મરાઠા અનામતને લઈને થઈ રહેલા વિરોધપ્રદર્શન, એસસી-એસટીને મામલે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા બાદ રાષ્ટ્રવ્યાપી આંદોલન અને કાવડિયાઓને સંડોવતી તાજેતરમાં બનેલી હિંસ ઘટનાઓનો ઉલ્લેખ કર્યો હતો.

પદ્માવત ફિલ્મ પ્રદર્શિત થવાની હતી તે અગાઉ જ એક જૂથે ફિલ્મની અગ્રણી અભિનેત્રીનું નાક વાઢી નાખવાની ધમકી આપી હતી એમ જણાવતાં વેણુગોપાલે કહ્યું હતું કે એ મામલે કોઈ કાર્યવાહી તો છોડો, ગુનો શુધ્ધાં દાખલ કરવામાં આવ્યો નહોતો. આ મામલે તમારું શું સૂચન છે એવો પ્રશ્ન ખંડપીઠે વેણુગોપાલને કરતા તેમણે સંબંધિત અધિકારીઓની જવાબદારી નક્કી કરવા જણાવ્યું હતું. (પીટીઆઇ)■

શેલ્ટર હૉમમાંના બળાત્કારો ક્યારે અટકશે?: સુપ્રીમ કૉર્ટ

નવી દિલ્હી: બિહાર અને ઉત્તર પ્રદેશમાં શેલ્ટર હૉમમાં તાજેતરમાં જ બનેલી મહિલાઓનાં બળાત્કાર અને શારિરીક શોષણની ઘટનાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતા સુપ્રીમ કૉર્ટે આ પ્રકારની ઘટનાઓ ક્યારે બંધ થશે એવો સવાલ શુક્રવારે કર્યો હતો.

શેલ્ટર હૉમમાં કિશોરીઓનાં કરવામાં આવતાં શારિરીક શોષણ અંગેનાં કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કૉર્ટનું ઉપરોક્ત નિવેદન આવી પડ્યું હતું. ઉત્તર પ્રદેશના પ્રતાપગઢસ્થિત શૅલ્ટર હૉમમાંથી ૨૬ મહિલા ગુમ થઈ હોવાની તાજેતરમાં જ બનેલી ઘટનાનો ઉલ્લેખ કરતા ન્યાયાધીશ મદન. બી. લોકુર, એસ. અબ્દુલ નઝીર અને દીપક ગુપ્તાની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે આ બધું શું થઈ રહ્યું છે? તે અમને જણાવો.

ગુરુવારે મેં વાંચ્યું હતું કે પ્રતાપગઢમાં અનેક મહિલા પર બળાત્કાર કરવામાં આવ્યો હતો. આ બધું ક્યારે અટકશે? એવો સવાલ ન્યાયાધીશ લોકુરે કર્યો હતો.

પ્રતાપગઢ ઉપરાંત બિહારના મુઝફ્ફરનગર અને ઉત્તર પ્રદેશના દેવરિયામાં પણ એનજીઓ સંચાલિત શૅલ્ટર હૉમમાં મહિલાઓ અને કિશોરીઓનાં બળાત્કાર અને શારિરીક શોષણની ઘટના તાજેતરમાં જ બની હોવાનું પ્રકાશમાં આવ્યું એમ જણાવતાં કેસને મામલે કૉર્ટની સહાય કરતાં ઍડવોકેટ અપર્ણા ભાટે કહ્યું હતું કે કેન્દ્ર સરકારે દેશભરની ચાઈલ્ડ કૅર ઈન્સ્ટિટ્યૂશન (સીસીઆઈ)ની વિગતો તેમ જ તેનાં સૉશિયલ ઑડિટનો અહેવાલ રજૂ કરવો જોઈતો હતો.

કેસને મામલે સરકારી વકીલ શા માટે હાજર ન રહ્યા એવો સવાલ કરતા ખંડપીઠે કહ્યું હતું કે જ્યાં સુધી સરકારી વકીલ કેસની સુનાવણીમાં હાજર ન રહે ત્યાં સુધી આ મામલે અમે બધું કરી શકીએ નહીં. (પીટીઆઇ)■

રાફેલ સોદાનો વિરોધઃ સોનિયાના નેતૃત્વ હેઠળ વિપક્ષોનો વિરોધ

રાફેલ છે સંરક્ષણ ક્ષેત્રનું સૌથી મોટું કૌભાંડઃ રાહુલનો આક્ષેપ

રાયપુર: કૉંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ રાફેલ ફાઇટર વિમાન ખરીદી સોદાને ડિફેન્સનું સૌથી મોટું કૌભાંડ ગણાવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપ કર્યો હતો. એક સભાને સંબોધતા રાહુલે એવો દાવો કર્યો હતો કે યુપીએ સરકારે તૈયાર કરેલો કોન્ટ્રેક્ટ તૈયાર હતો અને મોદીજીએ ફક્ત નિર્ણય લેવાનો હતો, પણ મોદીજી ફ્રાંસમાં ગયા અને એમણે પાછલો કોન્ટ્રેક્ટ રદ કર્યો, જેની જાણ સંરક્ષણ પ્રધાન કે કેબિનેટના અન્ય પ્રધાનોને પણ નહોતી. ભારતે ૩૬ રાફેલ વિમાન માટે ફ્રાંસ સાથે ૨૦૧૫માં કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. રાહુલના જણાવ્યા પ્રમાણે ભારતે વિમાનદીઠ કરેલા રાફેલ સોદા પ્રમાણે વિમાનદીઠ રૂ. ૫૪૦ કરોડ ચૂકવવાના હતા, પણ એનો ભાવ વધીને રૂ. ૧૬૦૦ કરોડ થયો હતો. રાહુલે વધુમાં એવો આક્ષેપ કર્યો હતો કે આ વિમાન માટેનો કોન્ટ્રેક્ટ સરકારી કંપની હિંદુસ્તાન એરોનોટિકલ લિમિટેડ પાસેથી છીનવીને ખાનગી કંપનીને આપવામાં આવ્યો. (પીટીઆઇ)■

નવી દિલ્હી: રાફેલ સોદાને મામલે સરકાર સામેનું આક્રમણ વધુ તેજ કરતા યુપીએનાં અધ્યક્ષા સોનિયા ગાંધીનાં નેતૃત્ત્વ હેઠળ વિપક્ષના સાંસદોએ શુક્રવારે સંસદના પરિસરમાં વિરોધપ્રદર્શન કર્યું હતું અને ફ્રાન્સ સાથે કરવામાં આવેલા આ સોદાના કથિત કૌભાંડને મામલે કેન્દ્ર સરકાર પાસે જવાબ માગ્યો હતો.

રાજ બબ્બર, ગુલામ નબી આઝાદ, આનંદ શર્મા, અંબિકા સોની, સામ્યવાદી પક્ષના ડી. રાજા, 'આપ'ના સાંસદ સુશીલ ગુપ્તા સહિતના સાંસદો સાથે સોનિયા ગાંધીએ હાથમાં પોસ્ટરો સાથે સૂત્રોચ્ચાર કરીને સંસદના પરિસરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે વિરોધપ્રદર્શન કર્યું હતું.

રાફેલ સોદાને મામલે જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી-જેપીસી તપાસ યોજવાની માગણી તેમણે કરી હતી.

રાફેલ સોદાને મામલે જેપીસી તપાસની માગણી સાથે ગુરુવારે કૉંગ્રેસના સભ્યોએ લોકસભામાં ગોકીરો મચાવ્યો હતો જેને પગલે લોકસભાની કાર્યવાહી મોકૂફ રાખવાની ફરજ પડી હતી. તેઓ રાફેલ સોદાને મામલે જેપીસી તપાસ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી એ મામલે જવાબ આપે એવી માગણી કરી રહ્યા હતા.

રાફેલ સોદો એનડીએ સરકારની ગુનાઇત ગેરવર્તણૂકનો ચિરસ્મરણીય કેસ હોવાનો તેમ જ બૉફર્સ કૌભાંડ કરતા પણ આ અનેકગણુ મોટું કૌભાંડ હોવાનો કેન્દ્રના પ્રધાન યશવંતસિંહા અને અરુણ શોરીએ આક્ષેપ કર્યા બાદ કૉંગ્રેસ આ મુદ્દે સરકાર પર સતત દબાણ વધારી રહી છે.

રફાલ સોદાને મામલે કૉમ્પ્ટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ 'કેગ'ની તપાસ યોજવાની અને એ તપાસ નિર્ધારિત સમયમર્યાદામાં પૂરી કરવાની અરુણ શોરી, યશવંતસિંહા અને પ્રશાંતભૂષણે માગણી કરી હતી.

રાફેલ સોદામાં મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાનો કૉંગ્રેસે સરકાર પર આક્ષેપ કર્યો હતો. (પીટીઆઇ)■

મને કૉન્ટ્રેક્ટ આપો હું રાફેલ બનાવી આપું: કૉંગી સાંસદ

નવી દિલ્હી: કૉંગ્રેસી સાંસદ રાજેશ જાખડે ભાજપ પર કટાક્ષ સાધી જણાવ્યું હતું કે ''હું સારા રાફેલ યુદ્ધવિમાન બનાવી શકીશ, મને કોન્ટ્રાક્ટ આપો.''

કૉંગ્રેસ દ્વારા લોકસભામાં રાફેલ સોદા સંદર્ભે તપાસઅર્થે જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટીની માગ સાથે ધમાલ મચાવવામાં આવી હતી. કેટલાક સભ્ય વોકઆઉટ કરી ગયા હતા.

કૉંગ્રેસના સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો. જાખડે પણ શૂન્ય અવરમાં ફાઈટર એરક્રાફ્ટ અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો.

કૉંગ્રેસે એરક્રાફ્ટ સોદામાં હજારો-હજારો કરોડોના કૌભાંડનો ભાજપ પર આક્ષેપ મૂક્યો છે. (પીટીઆઇ)■

પાણીની બાટલીના ભાવ ₹ ૨૦ નક્કી કરવા માગણી

નવી દિલ્હી: આઈએનએલડીના સભ્ય દુષ્યંત ચૌટાલાએ લોકસભામાં પીવાનાં પાણીની પેકડ બોટલના ભાવ રૂ. ૨૦ નક્કી કરવા માગણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પીવાના પાણીની પેકડ બોટલ ૧૦૦ રૂ.ની ભારે કિંમતે વેચાય છે. વિતરકો પીવાના પાણીની મનફાવે એટલી કિંમત મેળવતા હોવા તરફ તેમણે સરકારનું ધ્યાન દોર્યું હતું. ચૌટાલાએ દૂધના ભાવ પણ પ્રતિ લિટર ૪૦ રૂ. ફિક્સ કરવા માગણી કરી હતી. તેમણે વધુમાં શ્વેતક્રાંતિ અંગે સરકાર દ્વારા ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પાડવા અનુરોધ કર્યો હતો. ટીઆરએસના જીતેન્દ્ર રેડીએ ઈપીએસ-૯૫ પેન્શનર્સની ૭૫૦૦ પેન્શન ઉપરાંત ડીયરએલાઉન્સ અને આરોગ્ય સેવાની માગણી ઉપર ધ્યાન આપવા અપીલ કરી હતી.

ભાજપના અજય મિશ્રાએ ખાદ્યપદાર્થો માટે પ્લાસ્ટિક વાપરવા સામે પ્રતિબંધ મૂકવાની તથા પ્લાસ્ટિક રિસાયકલિંગ યુનિટ શરૂ કરવા દરખાસ્ત રજૂ કરી હતી.

અનુપમ હઝારે (તૃણમૂલ કૉંગ્રેસ)એ વિશ્વ ભારતી યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલરનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. (પીટીઆઇ)■

આપના પ્રસ્થાનને એક વરસ ...

શ્રીમતી રીના જીતેન્દ્ર ભીમશી નીશર ખારોઇ (વિલે પાર્લા)
દેહાંત તા. ૧૧/૦૮/૨૦૧૭
મુઠ્ઠી ભરીને અમે વાવી'તી ઝંખના
ને સીમ ભરી લીલાશ...
ખોબો ભરીને અમે શમણા પીધાને
પછી રોમ રોમ ફૂટ્યું આકાશ...
શ્રીમતી ઉર્મીલાબેન અને શ્રી ભીમશીભાઈ ભચુભાઈ નીશર
શ્રીમતી ભાવલબેન અને શ્રી વેલજીભાઈ હીરજી સાવલા
શ્રી જીતેન્દ્ર ભીમશીભાઈ ભચુભાઈ નીશર
શ્રીમતી હેમલતા અને નીલેશ ભીમશીભાઈ નીશર
હર્ષ જીતેન્દ્ર ભીમશીભાઈ નીશર
કરણ જીતેન્દ્ર ભીમશીભાઈ નીશર
KARWA AND KEWAL KIRAN REALTORS
STUD APPAREL